**Publication:** Gujarat Samachar
**Date:** 4/08/2013
**Edition:** Ahmedabad
**Page No.:** 2
**Headline:** Quiz competition between 1100 school students across city

# શહેરની વિવિધ સ્કૂલના ૧૧૦૦ સ્ટુડન્ટ્સ વચ્ચે જામી ક્વિઝ કોમ્પિટિશન




**અમદાવાદના જુદા જુદા વિસ્તારની સ્કૂલમાં અભ્યાસ કરતા સ્ટુડન્ટ્સ માટે એક સ્માર્ટ ટેક વિઝાર્ડ ૨૦૧૩ ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું**

શહેરના ટાઉનહોલ ખાતે અમદાવાદની વિવિધ સ્કૂલના બાળકો માટે સ્માર્ટ ટેક વિઝાર્ડ ૨૦૧૩ ક્વીઝ કમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરની વિવિધ સ્કૂલમાથી ૧૧૦૦થી પણ વધુ સ્ટુડન્ટ્સે ભાગ લીધો હતો. આ કમ્પીટીશનમાં વિજેતા થયેલા સ્ટુડન્ટ્સને આઈપેડ અને રનર્સ અપને ટેબ આપવામાં આવ્યું હતું. જો કે, આ કમ્પીટીશન શહેર ઉપરાંત અન્ય ૧૪ શહેરોમાં પણ યોજાશે.

આ અંગે પંકજકુમાર ગુપ્તા કહે છે કે, અમદાવાદની પ્રાદેશિક ફાઈનલમાં શહેરની સંત કબીર સ્કૂલના જલજ મહેશ્વરી અને રવિજા અમલાની તથા મહારાજા અગ્રસેન સ્કૂલના યશ ગોહિલ અને માનસ ગુપ્તા વચ્ચે કમ્પીટીશન યોજાઈ હતી. આ ક્વીઝમાં સ્ટુડન્ટ્સ વચ્ચે ઈન્ટરએક્ટિવ ટ્વીટર કોન્ટેસ્ટ પણ યોજાઈ હતી.

લેખિત પ્રિલીમમાં દરેક ટીમને સ્થળ ઉપર ૨૦ સવાલો પૂછવામાં આવ્યા હતા. લેખિત પ્રીલિમમાં છ ટીમને પ્રાદેશિક ફાઈનલ માટે ક્વોલિફાઈ કરવામાં આવી હતી. ક્વીઝનું અનોખુ ફોર્મેટ ક્વિઝ માસ્ટર પીકબ્રેઈન અને તેમની ટીમ દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું. જેમાં ડેટા ક્લાઉડ, બીગ ડેટા વિઝયુલાઈઝેશન, આઈઓટી - ઈન્ટરનેટ ઓફ થીંગ્સ, પીન ટ્રસ્ટ અને ટીસીએસનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં ધોરણ ૮થી ૧૨માં અભ્યાસ કરતા સ્ટુડન્ટસે ભાગ લીધો હતો.